# શૈક્ષણિક કાર્યક્રમમાં સમાજને સહભાગી બનાવીએ

હમણાં તા.૨૧ જાન્યુ. થી ૨૩ જાન્યુ. સુરતમાં આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સેમિનાર યોજાઇ ગયો. વીર નર્મદ યુનિવર્સિટી અને એક ટ્રસ્ટના શતાબ્દીપર્વ અને એજ્યુકેશન કોલેજના સુવર્ણ જયંતિ પર્વ નિમિત્તે સંયુક્ત રીતે યોજાયેલ આ સેમિનારમાં હાજર રહેવાનું થયું. વક્તવ્ય પણ આપ્યું. ચર્ચા, પૂછપરછ અને અનુભવોને આધારે લાગ્યું કે, કોઇપણ કાર્યક્રમમાં સમાજની જેટલી સહભાગીદારિતા હોય તેટલો તે કાર્યક્રમ સફળ થાય. આમપણ લોકશાહી દેશમાં કોઇપણ કામનો ખરો લાભાર્થી વ્યક્તિ અને સમાજ જ હોઇ શકે. કોઇપણ શેક્ષણિક સેમિનારનું આયોજન કોના લાભાર્થે કરવામાં આવે છે ? સંસ્થા,અધ્યાપકો કે વિદ્યાર્થીઓ ? ઊંડાણપૂર્વક વિચારીએ તો એકમત પર સહમત થવું જ પડે કે, કોઇપણ શેક્ષણિક સેમિનારનો અંતિમ લાભાર્થી વિદ્યાર્થી જ હોઇ શકે અને તે જ હોવો જોઇએ. સેમિનારમાં રજૂ થતાં પેપર્સ કે સંશોધનોથી કોને ફાયદો થવો જોઇએ ? તે લાભ વિદ્યાર્થી અને સમાજને મળવો જોઇએ. વિદ્યાર્થી અને સમાજને જો લાભાર્થી બનાવવો હોય તો તેને સહભાગી બનાવવા પડે. આ માટે કોઇપણ શૈક્ષણિક સેમિનારમાં વિદ્યાર્થી અને સમાજને આમંત્રિત કરવા પડે. તેમના સહયોગથી જ કાર્યક્રમનું આયોજન કરવું જોઇએ. તો તેમની સહભાગીદારિતા વધે અને પરિણામ સારાં મળે. કરવામાં આવતા સંશોધનોનો વિષય સમાજ અને વિદ્યાર્થીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પસંદ કરવો જોઇએ. કોઇપણ અધ્યાપક માત્ર પોતાના લાભાર્થે જ જો સંશોધનો કરશે કે પેપર્સ રજૂ કરશે તો તે અધ્યાપક ક્યારેય સફળ નહીં થાય. તેનું કામ પોતાના લાભાર્થે નહીં પણ સમાજના લાભાર્થે હોવું જોઇએ. આ માટે રજૂ થયેલા સંશોધનો કે પેપર્સને સમાજ સુધી પહોંચાડવા જોઇએ. જેની જવાબદારી આયોજનકર્તા અને સંશોધન કરનાર બંનેની સંયુક્ત છે. જો આયોજનકર્તા તેની જવાબદારીમાં ઊણાં ઉતરે તો સંસોધનકર્તાએ વિવિધ પ્રયત્નો થકી પોતાનું કામ વિચર્થી અને સમાજ સુધી પહોંચાડવું જોઇએ. તો જ તમારા કામની સાર્થકતા નીવડશે. આ માટે દરેક સંશોધકે પોતાનું કામ ભલે નાનું હોય કે મોટું હોય, પણ છે તો વિચર્થી કે સમાજના લાભાર્થે જ ને ? તે વિચારીને યોગ્ય એજન્સીઓનો ઉપયોગ કરીને તેનો પ્રચાર પ્રસાર કરવો જોઇએ. જેમકે, પ્રાથમિક શિક્ષણને લગતું હોય તો ડી.પી.ઇ.ઓ. કે પ્રાથમિક શિક્ષણ નિયામકને મળવું જોઇએ, જો માધ્યમિક શિક્ષણનું હોય તો ડી.ઇ.ઓ. કે માધ્યમિક શિક્ષણ બોર્ડને મળવું જોઇએ અને જો કોલેજ કક્ષાનું હોય તો યુનિવર્સિટીને મળવું જોઇએ. તેમને મળીને આપણા કામની સમજ આપીને તેનો લાભ અન્ય સંસ્થા કે વિદ્યાર્થીને પહોંચાડવા માટેની રજૂઆત કરવી જોઇએ. આ બાબતને સરકારી એજન્સી તરત જ હકારાત્મક રીતે સ્વીકારશે જ. જેમાં બે મત નથી. હા આપણા કામની ગુણવત્તા અને જરૂરિયાત હોવી જોઇએ. જ્યાં સુધી આપણું કામ સમાજને માટે ઉપયોગી નહીં તાય તો તે કામ કરવાનો અર્થ જ નહીં રહે. માટે જ આપણા કામનો પ્રચાર-પ્રસાર કરીને સમાજના દરેક લાભાથ સુધી પહોંચાડવો જોઇએ.

બીજી રીતે વિચારીએ તો, ગાંધીજી, વિવેકાનંદ, ગીજુભાઇ બધેકા, મોન્ટેસરી, સોક્રેટીસ કે પ્લેટો વગેરે વ્યક્તિઓએ ક્યાં કોઇ સંશોધનો કે પપેર્સ રજૂ કર્યા હતાં. તેમણે તો પોતાના અનુભવો અને વિચારોને સમાજ સામે મૂક્યા હતા. જેનો ઉપયોગ ।જે પણ આપણે કરીએ છીએ. ટૂંકમાં નવાવિચારો, સંશોધનોને

સમાજ સુધી પહોંચાડવા જોઇએ. આ હેતુ ધ્યાનમાં રાખીને જ વ્યક્તિએ કે સેમિનારના આયોજકોએ કામ કરવું જોઇએ.

સુરતમાં યોજાયેલ આ શૈક્ષણિક સેમિનારની કેટલીક વિશેષતાઓ પણ જોવા અને જાણવા મળી. આંતરરાષ્ટ્રિય સેમિનારમાં કદાચ પ્રથમ વખત માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્રીયભાષા હિન્દીમાં પણ પેપર્સ રજૂ કરવા દેવામાં આવ્યા. જેનો ફાયદો સંશોધનક્ષેત્રે પ્રવેશ કરવા માંગતા અનેક વિદ્યાર્થીઓને થશે. તેમને નવા વિષયો અને કાર્યરીતિનો ખ્યાલ આવશે, પ્રોત્સાહન મળશે. ઉપરાંત નાના ક્ષેત્રે થયેલા કામને પણ મોટા ફલક સુધી વિસ્તરવાની તક મળશે. ભારત અને વિદેશમાંથી આવેલા ઘણાં સંશોધકો કે શિક્ષણપ્રેમીઓ માટે આ નવી તક હતી. આવા સેમિનાર માટે સંખ્યા અગત્યની નથી પણ ગુણવત્તા અને સફળતા અગત્યની છે. જે સુરતના આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સેમિનરમાં કેટલાંક અંશે જોવા મળી. જેનો ચેપ અન્ય સેમિનર સુધી પહોંચે તો ગુજરાત અને ભારતના વિદ્યાર્થીઓને ફાયદો જ થશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહભાગી બનેલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ચોક્કસ સામાયિકનું એકવર્ષનું લવાજમ ભરીઆપીને આયોજકોએ પોતાની નિષ્ઠા અને સૂઝના દર્શન કરાવ્યા. વીર નર્મદ યુનિવર્સિટીના વી.સી. સાથેની ચર્ચા આનંદદાયક રહી. તેમના પ્રયત્નો અને ધગશને આમ સમાજે બીરદાવવા જ રહ્યા. હજુ પોતાના છ માસના કાર્યકાળમાં તેમણે યુનિવર્સિટી અને સમાજને જાણે કે એક જ કરી દીધાં. સમાજનો આમ આદમી અને પ્રતિષ્ઠિત આદમી પણ યુનિવર્સિટીને પોતાની જ સંસ્થા ગણતો થઇ ગયો. આવું જ્યાં સુધી અને જેટલું વધારે થશે ત્યાં સુધી વિદ્યાર્થી અને શિક્ષણનો વિકાસ થતો રહેશે. નવા નિમાયેલા ઉત્સાહી વી.સી.શ્રીએ વિવેકાનંદ મંદિર અને સરસ્વતી મંદિર બનાવવાની વાત સુરતવાસીઓને કરી. જેને સુરતીબાબુઓએ વધાવી લીધી અને ટૂંક સમયમાં જ લગભગ સાઠ લાખ રૂપિયાનો ફાળો આપી દીધો. બીજી ઘટના બની યુનિવર્સિટીમાં માતૃભાષા-ગુજરાતી વિભાગ ઊભો કરવાની. જે માટે એક દાતાએ બે કરોડ રૂપિયા, હા... બે કરોડ રૂપિયા દાનમાં આપ્યા. આ બે ઘટનાનો અર્થ એવો થાય કે સમાજને યુનિવર્સિટી પર વિશ્વાસ છે. આ વિશ્વાસ જ શિક્ષણનો પાયો છે. યુનિવર્સિટીના દરેક પદાધિકારીએ નીતનવા અને વિવિધ પ્રયત્નો થકી સમાજ અને યુનિવર્સિટીને અભિન્નઅંગ બનાવવા પ્રયત્ન કરવા પડશે અને આવા પ્રયત્નોને સમાજે વધાવવા પણ પડશે. અંતે હિત સધાશે વિદ્યાર્થીનું. આ વિદ્યાર્થી જ ભારતનું ભાવિ છે.

યુનિવર્સિટી અને સમાજ બંને સાથે રહીને ચાલે તે બંનેના હિતમાં છે. યુનિવર્સિટીના દરેક નિર્ણય અને કામ સમાજને લાભકર્તા હોવા જોઇએ, તો સમાજે પણ યુનિવર્સિટીને સારાં અને વધુ નિર્ણયો લેવામાં બધી જ રીતે મદદરૂપ થવું જોઇએ. માત્ર સરકારી સહાય અને સરકારના જ નિર્ણયોથી યુનિવર્સિટી સર્વાંગી વિકાસ નહીં સાધી શકે. તે માટે સમાજે આગળ આવીને પોતાના બાળકોના હિતાર્થે યુનિવર્સિટીને મદદ કરવી પડશે. જેનું પ્રત્યક્ષ ઉદાહરણ આપણું ગુજરાત પણ છે. ગુજરાતમાં સરકારે સમાજની ભાગીદારિતાથી અનેકાનેક કાર્યો કર્યા છે. માટે જ ગુજરાત છેલ્લા દસકામાં વદારે વિકાસ પામ્યું છે. ટૂંકમાં સમાજના સહકારથી સરકાર કે સંસ્થા ઝડપથી અને સરળતાથી વિકાસ સાધી શકે તે સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક સંસ્થાઓએ પોતાના કાર્યક્રમો અને પ્રવૃત્તિમાં સમાજને સાથે રાખવો જોઇએ, મદદ માંગવી જોઇએ અને સમાજે પણ તેટલાજ ઉત્સાહ સાથે સહકાર આપવો જોઇએ.

**dr.ashokpatel@in.com**